Gujarati

# સ્કૂલ છોડવા માટેની યોજનાઓ કરવી

## Making plans for leaving school

### સ્કૂલ છોડ્યા પછી શું કરવું તેના આયોજન

**વિશેની સરળ માર્ગદર્શિકા**

**યુવાન લોકો, માતાપિતાઓ અને કેરરો માટે**

# આ પુસ્તિકામાં મદદ કરનારાં યુવાન લોકોએ તેના વિશે શું કહ્યું હતું

તમે જ્યારે સ્કૂલ છોડો ત્યારે તમે શું કરવા માગો છો તેનો નિર્ણય લેવામાં કેટલીકવાર તમને મદદની જરૂર પડે છે. આ પુસ્તિકા તમને તે નિર્ણય લેવામાં મદદ કરી શકે છે.

તેમાં તમારાં કુટુંબીજનો માટે પણ માહિતી આપેલી છે. તે તમને હંમેશાં મળી શકતી નથી.

કેટલાંક લોકો બહુ સારી રીતે વાંચી કે જોઈ શકતાં નથી અથવા તો મોટા મોટા અઘરા શબ્દો સમજી શકતાં નથી.

આ પુસ્તિકામાં ચિત્રો, મોટાં અક્ષરોમાં લખાણ છે અને તે સહેલાઈથી સમજાઈ શકે તે માટે તેમાં સહેલા શબ્દો વાપરવામાં આવ્યા છે.

અમને આ પુસ્તિકા બનાવવામાં ઘણો આનંદ આવ્યો હતો. તેમાં ઘણી મજા પડી અને રસ પડ્યો.

અમને આશા છે કે તમને તે ગમશે અને અમે આશા રાખીએ છીએ કે તેનાથી તમને મદદ થશે.

આ પુસ્તિકા સહેલાઈથી સમજી શકાય તેવી બને તેની ખાતરી કરવામાં આ યુવાન લોકોએ મદદ કરી હતી.

# સ્કૂલ છોડવા માટેની યોજનાઓ કરવી

## અથવા ટ્રાન્ઝિશનનું આયોજન

સ્કૂલ છોડવી એ અગત્યનો સમય છે. તે ઉત્તેજનાત્મક હોઈ શકે છે. તે મુશ્કેલ પણ હોઈ શકે છે.

તમે જ્યારે સ્કૂલ છોડો ત્યારે શું કરવા માગો છો તેની યોજના (કે વિચારણા) કરવામાં મદદ મેળવવાનું સારું છે.

આ તમે મદદ કરી શકે તેવાં લોકો સાથે વાતો કરીને, મીટિંગો કરીને અને કોઈ યોજના બનાવીને કરી શકો છો.

આને ટ્રાન્ઝિશનનું આયોજન કરવું કહેવાય છે.

આ પુસ્તિકા જે યુવાન લોકો માટે ખાસ શૈક્ષણિક જરૂરતો - સ્પેશ્યલ એજ્યુકેશનલ નીડ્સનું સ્ટેટમેન્ટ કરવામાં આવેલું હોય તેમના માટેના ટ્રાન્ઝિશનના આયોજન વિશે બધી જ માહિતી આપે છે.

બીજાં યુવાન લોકોને પણ આ પુસ્તિકામાં આપેલી માહિતી ઉપયોગી લાગશે.

આ પુસ્તિકા તમને નીચેની બાબતો જણાવે છે:

- તમે કેવી રીતે આયોજન કરી શકો
- તમારે વિચારવી જરૂરી કેટલીક બાબતો
- તમને કોણ મદદ કરી શકે છે

# તમે કેવી રીતે આયોજન કરશો

**તમે**

**તમારી મીટિંગ માટે તૈયાર થાવ**

માતાપિતા અને કેરરો

કનેક્શન્સના સલાહકાર

મિત્રો

તમે સ્કૂલ છોડ્યા પછી શું કરવા માગો છો તે વિશે તમે બીજાં લોકો સાથે વાત કરી શકો છો.
તમારાં માતાપિતા કે કેરરો સાથે અને તમારા કનેક્શન્સના સલાહકાર સાથે વાત કરો. તમે તમારાં મિત્રો સાથે પણ વાત કરી શકો છો.

**વધારે મીટિંગો કરો**

**સ્કૂલ છોડો**

બાબતો કેવી આગળ વધી રહી છે તે જોવા માટે તમે વધારે મીટિંગો કરો

**તમારા આયોજન ઉપર અમલ કરવાનું શરૂ કરો**

## મીટિંગ કરો

૧૪ વર્ષની ઉંમરે તમે એક મીટિંગ કરશો. તેમાં સામાન્ય રીતે આ લોકો આવે છે

તમે

માતાપિતા અને કેરરો

કનેક્શન્સના સલાહકાર

તમારા શિક્ષક

## કદાચ આ લોકો પણ આવી શકે

સોશિયલ વર્કર

હેલ્થ વર્કર

## યોજના બનાવો

તમે જ્યારે સ્કૂલ છોડો ત્યારે શું થાય એમ ઈચ્છો છો તે યોજનામાં જણાવેલું હોય છે

વિચાર કરવા જેવી કેટલીક બાબતો માટે પાનું 6 જુઓ

# વિચાર કરવા જેવી કેટલીક બાબતો

કામ

તમને જોઈતો ટેકો

કોલેજ

મનોરંજન

રહેવા માટેની જગ્યા

તંદુરસ્ત રહેવું

પૈસા અને
બેનિફિટો

વાહનવ્યવસ્થા

તમે

# તમે અને તમારી યોજના

## વ્યક્તિને મુખ્ય ધ્યાનમાં રાખે તેવું વલણ

તમારી યોજનામાં તમે સૌથી અગત્યની વ્યક્તિ છો.

બીજાં લોકો તમારી મદદ કરી શકે છે, પરંતુ તમે જ્યારે સ્કૂલ છોડો ત્યારે શું કરવા માગો છો તેની પસંદગી તમે કરો છો.
આને વ્યક્તિને મુખ્ય ધ્યાનમાં રાખે તેવું આયોજન કહેવાય છે.

માતાપિતા કે કેરરો

કનેક્શન્સના સલાહકાર

મિત્રો

તમે

સોશિયલ વર્કર

હેલ્થ વર્કર

શિક્ષક

# મીટિંગોમાં મદદ કરવા માટેના વિચારો

- તમે શું કહેવા માગો છો તે વિચારી રાખો. મદદ કરી શકે તેવાં લોકો સાથે વાત કરો.

- તમને કશામાં સમજણ ન પડે તો હંમેશાં પૂછો. મીટિંગ વિશે તમને બાદમાં ખુલાસાવાર સમજાવે તે માટે તમે કોઈને પૂછી શકો છો.

- મીટિંગની વાતચીતો ટેપ કરી લો જેથી તમે બાદમાં તે સાંભળી શકો.

- તમારા વિશેની એક પુસ્તિકા રાખો. તમે તેમાં ચિત્રો, ફોટા અને ટેપનો ઉપયોગ કરી શકો છો. આનાથી તમારા માટે શું અગત્યનું છે તે લોકોને કહેવામાં મદદ થશે.

હવે પછીની પુસ્તિકા મદદ કરી શકે તેવાં લોકો વિશે છે.

# તમારાં માતાપિતા અથવા કેરરો

તમારાં માતાપિતા કે કેરરો (તમારી સંભાળ રાખનારાં લોકો) તમને મદદ કરી શકે તેવાં સૌથી ઉત્તમ લોકો છે કારણ કે તેઓ તમને સૌથી સારી રીતે જાણે છે.

તેઓ

- તમારી મીટિંગ માટે તૈયાર થવામાં મદદ કરી શકે છે
- જો તમને જરૂર પડે તો તમારા વતી બોલી શકે છે
- તમને નવી વસ્તુઓ અજમાવવામાં મદદ કરી શકે છે જેથી તમે જ્યારે સ્કૂલ છોડો ત્યારે શું કરવા માગો છો તેની તમને ખબર પડે

## તમારાં માતાપિતા માટે મદદ

પેરન્ટ પાર્ટનરશીપ ઓફિસર તમારાં માતાપિતા કે કેરરોને કોઈ સ્વયંસેવક (વોલન્ટીયર)નો ટેકો અપાવવામાં મદદ કરી શકે છે.

### જો તમે લેસ્ટરમાં રહેતાં હો તો

પેરન્ટ પાર્ટનરશીપ ઓફિસર
Parent Partnership Officer
Voluntary Action Leicester
9 Newarke Street
Leicester LE1 5SN

0116 257 5027

### જો તમે લેસ્ટરશાયરમાં રહેતાં હો તો

Parent Partnership Officer
Leicestershire and Rutland Red Cross
54 Kennilworth Drive
Oadby
Leicester LE2 5LG

0116 217 4137

અહીં કેટલીક બાબતો આપેલી છે જે તમે મીટિંગ પહેલાં તમારાં માતાપિતા કે કેરરો સાથે મળીને વિચારી શકો છો.

- તમે ૧૯ વર્ષનાં થાવ ત્યાં સુધી સ્કૂલમાં રહેવા ઈચ્છશો કે ૧૬ વર્ષે સ્કૂલ છોડી દેવી છે?

- તમે સ્કૂલ છોડી દીધા પછી શું કરવા માગો છો?

- તમને શું સારું આવડે છે અને તમને શું કરવાનું ગમે છે?

- તમને કેવા પ્રકારની બાબતોમાં મદદની જરૂર પડે છે?

- તમને ભવિષ્ય વિશે કોઈ ચિંતાઓ છે? જો હા, તો શું?

- તમે અમને બીજું શું કહેવા માગો છો કે પૂછવા માગો છો?

# સ્કૂલો

તમારી સ્કૂલમાંથી કોઈ મીટિંગમાં આવે છે.

તેઓ આ હોઈ શકે

- તમારા શિક્ષક અથવા 'સેનકો'
- સ્કૂલ નર્સ
- સ્કૂલમાંથી મદદ કરી શકે તેવું બીજું કોઈ

આ વ્યક્તિ

- લોકોને મીટિંગમાં બોલાવે છે
- યોજના લખે છે અને મીટિંગમાં આવનારાં દરેક જણને તે મોકલી આપે છે

# યોજના કરવામાં સ્કૂલ તમને કેવી રીતે મદદ કરશે

તેઓ તમારા માટે આની ગોઠવણ કરી આપશે

- તમારા પોતાના અંગત કનેક્શન્સ સલાહકારની
- કામનો અનુભવ મેળવવાની
- કોલેજની મુલાકાતે જવાની અને અજમાયશના દિવસોની
- વધારે સ્વતંત્ર બનવાનું શીખવાની તકોની

આને 'કરિઅર્સ એજ્યુકેશન પ્રોગ્રામ' કહેવાય છે.

# કનેક્શન્સ અને અંગત સલાહકારો

## કનેક્શન્સ શું છે?

કનેક્શન્સ લોકોને માહિતી અને સલાહ આપે છે. તે તમને તમારા જીવન માટે અગત્યની હોય તેવી બાબતો વિશે પસંદગીઓ કરવામાં મદદ પણ કરે છે. તેમાં આ બાબતોનો સમાવેષ થઈ શકે

- રહેવા માટેનું કોઈ સ્થળ હોવું
- પૂરતા પૈસા હોવા
- સંબંધો
- કોલેજમાં જવું
- તમારા ફૂરસદના સમયમાં તમે શું કરશો
- નોકરી મેળવવી

કનેક્શન્સ ૧૩થી ૧૯ વર્ષનાં બધાં જ યુવાન લોકો માટે છે.
જો તમને કોઈ અસમર્થતા (ડિસેબિલિટી) હોય તો તમે કદાચ ૨૫ વર્ષની ઉંમર સુધી કનેક્શન્સનો ઉપયોગ કરી શકો.

# કનેક્શન્સના અંગત સલાહકારો

અગંત સલાહકાર (પર્સનલ એડવાઈઝર) તમને અને તમારાં માતાપિતા કે કેરરોને એ નક્કી કરવામાં મદદ કરી શકે છે કે તમે સ્કૂલ છોડો ત્યારે શું કરવા માગો છો.

તેઓ તમને અને તમારાં માતાપિતા કે કેરરોને મળી શકે છે. તેઓ આયોજન માટેની મીટિંગોમાં આવી શકે છે.

કનેક્શન્સ અને અંગત સલાહકારો તમને મદદ કરી શકે તેવાં બીજાં જૂથો સાથે મળીને કામ કરે છે.

# કનેક્શન્સ
## સરનામાં, ફોન અને ઈમેઈલ

### કનેક્શન્સ લેસ્ટર
**Connexions Leicester**
Halford House
91 Charles Street
Leicester
LE1 1HL

0116 262 7254

leicester@connexions-leics.org

### કનેક્શન્સ હિંકલી
**Connexions Hinckley**
51 Castle Street
Hinckley
Leicester
LE10 1DA

01455 632 719

hinckley@connexions-leics.org

### કનેક્શન્સ લફબરો
**Connexions Loughborough**
7 Fennel Street
Loughborough
Leicestershire
LE11 1UQ

01509 214 002

loughborough@connexions-leics.org

### કનેક્શન્સ કોલવિલ

**Connexions Coalville**
5 Hotel Street
Coalville
Leicestershire LE67 3EQ

01530 812 231

coalville@connexions-leics.org

### કનેક્શન્સ મેલ્ટન

**Connexions Melton**
22a Burton Street
Melton Mowbray
Leicestershire LE13 1AF

01664 569 966

melton@connexions-leics.org

### કનેક્શન્સ માર્કેટ હારબરો

**Connexions Market Harborough**
2 St Mary's Road
Market Harborough
Leicestershire LE16 7DU

01858 462 309

marketharborough@connexions-leics.org

### કનેક્શન્સ સાઉથ વિગસ્ટન

**Connexions South Wigston**
50E Blaby Road
South Wigston
Leicestershire LE18 4SD

0116 277 8090

bow@connexions-leics.org

# સોશિયલ કેર સર્વિસીસ (સામાજિક સંભાળની સેવાઓ)

## તમને શું સહાયની જરૂર છે તે જાણવું

તમે સોશિયલ વર્કર પાસે અસેસમેન્ટ (મૂલ્યાંકન)ની માગણી કરવાનું પસંદ કરી શકો છો પરંતુ દરેક જણને તેની જરૂર પડતી નથી.

અસેસમેન્ટ એટલે કે તમે જ્યારે સ્કૂલ છોડશો ત્યારે તમને શક્ય તેટલાં સ્વતંત્ર બનવા માટે શેની જરૂર પડશે તે જાણવું.

જેમ કે

- દિવસ દરમ્યાન તમે શું કરવા માગો છો

- તમને થોડા સમય માટે ઘરથી દૂર આરામ માટે જવાની જરૂર હોય

- તમને તમારા ઘરમાં રહેવામાં મદદ થાય તે માટે તેમાં ફેરફારો કરાવવાની જરૂર હોય

## વધારે માહિતી માટે

## જો તમે  લેસ્ટરમાં રહેતાં હો તો

ડિસેબલ્ડ ચિલ્ડ્રન્સ ટીમ મેનેજર
Disabled Children's Team Manager
Children and Young Persons Service
Leicester City Council
Beaumont Way
Leicester
LE4 1EU

0116 299 5799

એડલ્ટ્સ વિથ લર્નિંગ ડિસેબિલિટીઝ સીનિયર પ્રેક્ટિશનર
Adults with Learning Disabilities Senior
Practitioner
Adults and Community Services
400 Thurcaston Road
LE4 2RD

0116 221 2700

## જો તમે લેસ્ટરશાયરમાં રહેતાં હો તો

ટ્રાન્ઝિશન્સ ટીમ મેનેજર
Transitions Team Manager
Social Care Services
27 Upper Bond Street
Hinckley
Leicestershire
LE10 1RH

01455 639 964

# આરોગ્યની સેવાઓ

જો તમે હેલ્થ સર્વિસીસમાંથી કોઈને મળતાં હો, તો તમે તેમને રીપોર્ટ લખી આપવાનું અથવા તમારી મીટિંગમાં આવવાનું કહી શકો છો.

# એડલ્ટ સર્વિસીસમાં બદલાવું

સામાન્ય રીતે તમને ૧૬ અને ૧૯ વર્ષની ઉંમર વચ્ચે એડલ્ટ સર્વિસીસમાં મોકલવામાં આવશે.
તમે સ્કૂલ છોડશો ત્યારે ચાઈલ્ડ સર્વિસીસ વિભાગ તમારા આરોગ્ય વિશેની બધી જ જરૂરી માહિતી એડલ્ટ સર્વિસીસને આપશે.

# સૂચન

તમારી આરોગ્ય સંભાળમાં મદદ કરતાં બધાં જ લોકોનાં નામ, સરનામાં અને ફોન નંબરોની એક યાદી બનાવી રાખો, દાખલા તરીકે

- તમારા ડૉક્ટર
- કમ્યૂનિટી નર્સ
- ફિઝિયોથેરપિસ્ટ
- ઓક્યુપેશનલ થેરપિસ્ટ
- સ્પીચ એન્ડ લેંગ્વેજ થેરપિસ્ટ
- સાઈકોલોજિસ્ટ

## બાળક માટેની આરોગ્યની સેવાઓ

તમે જ્યારે બાળક હો ત્યારે તમારા ઘરે અથવા સ્કૂલમાં તમને હેલ્થ વર્કરો જોવા માટે આવે છે. તમે કદાચ ડૉક્ટરની સર્જરીમાં કે હોસ્પિટલમાં પણ જતાં હશો.

જો તમારે હોસ્પિટલમાં જવાની જરૂર પડશે તો તમે નીચેનામાંથી કોઈ એકમાં જશો

- લેસ્ટર જનરલ હોસ્પિટલ
- લેસ્ટર રોયલ ઈન્ફર્મરી
- ગ્લેનફિલ્ડ હોસ્પિટલ

તમને જરૂરી વસ્તુઓ જેમ કે યોગ્ય દવાઓ અથવા સ્પ્લિન્ટ્સ વગેરે પણ આ હોસ્પિટલોમાંથી આપવામાં આવશે.

## પુખ્ત વયનાં લોકો માટેની આરોગ્ય સેવાઓ

તમે જ્યારે ૧૯ વર્ષનાં થશો ત્યારે તમને પુખ્ત વયનાં લોકો માટેની આરોગ્ય સેવામાં મોકલવામાં આવશે.

પુખ્ત વયનાં લોકો માટેની આરોગ્ય સેવાઓ અહીંથી મળી શકે છે

- યૂનિવર્સિટી હોસ્પિટલ ઓફ લેસ્ટર
- લેસ્ટરશાયર પાર્ટનરશીપ ટ્રસ્ટ
- લેસ્ટર જનરલ હોસ્પિટલની નજીક આવેલું ડિસેબલમેન્ટ સર્વિસીસ સેન્ટર

આમાંથી કોઈ પણ સેવા વિશે વધારે માહિતી મેળવવા માટે તમારા ડૉક્ટરની સર્જરીનો સંપર્ક કરો.

# કોલેજના અભ્યાસક્રમો

અહીં કેટલાક અભ્યાસક્રમો વિશે જણાવવામાં આવ્યું છે જે તમે કોલેજમાં કરી શકો છો.

# તમને વધારે સ્વતંત્ર બનવામાં મદદ કરતા અભ્યાસક્રમો

- સ્વતંત્રપણે જીવવા માટેની આવડતો જેમ કે રાંધવું અથવા કમ્પ્યુટર પર કામ કરવું
- વાંચવું અને લખવું
- કામ કરવા માટે તમને તૈયાર કરતા અભ્યાસક્રમો

# એન.વી.ક્યૂ. નેશનલ વોકેશનલ ક્વોલિફિકેશનો

આ એવાં ક્વોલિફિકેશનો (લાયકાતો) છે જે મેળવીને તમે બતાવી શકો છો કે તમે નોકરી કરી શકો તેમ છો. તમે અનેક જુદા જુદા પ્રકારની નોકરીઓ માટે એન.વી.ક્યૂ.ઝ મેળવી શકો છો, જેમ કે

- બાળ સંભાળ (ચાઈલ્ડકેર)
- વાળ કાપવા (હેરડ્રેસિંગ)
- મોટર મિકેનિક

# જી.સી.એસ.ઈ. અને એ લેવલ જેવાં ક્વોલિફિકેશનો

આમાંથી કોઈ પણ વિશે વધારે જાણકારી મેળવવા માટે કનેક્શન્સની આ વેબસાઈટ જુઓ
www.connexions-leics.org

## કોલેજમાં ટેકો મેળવવો

તમને કોલેજમાં શું વધારાની મદદની જરૂર પડશે તે જાણવા માટે કોલેજો અસેસમેન્ટ કરે છે. દાખલા તરીકે

- વાહનની સગવડમાં અથવા કોલેજમાં હરવા ફરવામાં મદદ
- વાંચન અને લેખનમાં મદદ

## ઘરથી દૂર આવેલી કોલેજમાં જવું

કદાચ કોઈ જુદા વિસ્તારમાં આવેલી કોલેજ તમારા માટે વધારે સારી હોય એવું બની શકે. જો એવું હશે તો લર્નિંગ સ્કિલ્સ કાઉન્સિલ કેટલીકવાર આ માટેનો ખર્ચ ચૂકવવામાં મદદ કરી શકે. જો સ્થાનિક કોલેજમાં તમારી જરૂરતો પૂરી થઈ શકે તેમ ન હોય તો આવું કરવામાં આવે છે.

## કનેક્શન્સના અંગત સલાહકાર

તમારા કનેક્શન્સના અંગત સલાહકાર - પર્સનલ એડવાઈઝર તમને કોલેજો વિશે જાણકારી આપી શકે છે.

તમારા માટે કયો અભ્યાસક્રમ યોગ્ય છે તેનો નિર્ણય લેવામાં તેઓ તમારી મદદ કરી શકે છે.

તમને જોઈતો ટેકો મેળવવામાં તેઓ તમારી મદદ કરી શકે છે.

તમે કોલેજના અભ્યાસક્રમો વિશેની આ પુસ્તિકા તમારા કનેક્શન્સના સલાહકાર પાસેથી માગી શકો છો.

# કોલેજના ખર્ચામાં મદદ માટે પૈસા

એજ્યુકેશન મેઈન્ટેનન્સ અલાવન્સ ઈ.એમ.એ. યુવાન લોકોને કોલેજના ખર્ચમાં મદદ કરે છે.

તમે તેમને મફત ફોન કરી શકો છો 080 810 16219

www.ema.dfes.gov.uk

જો તમને કોઈ અસમર્થતા (ડિસેબિલિટી) હોય તો તમને તમારી કોલેજ અથવા યૂનિવર્સિટીમાં મદદ કરવા માટે ડિસેબલ્ડ સ્ટુડન્ટ અલાવન્સીસમાંથી પૈસા મળી શકે છે.

## જો તમે લેસ્ટરમાં રહેતાં હો તો

સ્ટુડન્ટ અવોર્ડ્ઝ ગ્રાન્ટ્સ એન્ડ લોન્સ સર્વિસ તમને કોલેજ અથવા યૂનિવર્સિટી જવામાં થતા ખર્ચામાં મદદ માટેના પૈસા વિશે તમને સલાહ આપી શકે છે.

વધારે માહિતી માટે તેમને 0116 229 4300 પર ફોન કરો.

## જો તમે લેસ્ટરશાયરમાં રહેતાં હો તો

જો તમે સ્કૂલમાં જવાનું ચાલુ રાખો તો તમને પોસ્ટ ૧૬ એક્સેસ ફંડમાંથી પૈસા મળી શકે છે.

તમને કદાચ કમ્પ્યુટરના સાધન માટેના પૈસા મળી શકે.

કોલેજ અને યૂનિવર્સિટીના ખર્ચામાં મદદ માટેના પૈસા વિશે વધારે માહિતી માટે 0116 265 6376 પર ફોન કરો.

તમને કોલેજ જવા-આવવામાં થતા ખર્ચમાં મદદ માટે કદાચ પૈસા મળી શકે.

0116 265 8777

# તાલીમ લેવી અને કામ કરવું

## એપ્રેન્ટીસશીપ

એપ્રેન્ટીસશીપ એટલે તમે જ્યારે કોઈ નોકરી (કામ) કરવા માટે શીખતાં હો અને સાથે સાથે કામ પણ કરતાં હો. તમને ક્વોલિફિકેશન (લાયકાત) પણ મળી શકે છે.

એપ્રેન્ટીસશીપ કરવામાં સામાન્ય રીતે ૧ અથવા ૨ વર્ષ લાગે છે.

આમાં ઓછામાં ઓછા એન.વી.ક્યૂ. લેવલ ૨ અથવા તેથી વધારે ઊંચી કક્ષાની તાલીમ આપવામાં આવે છે.

## એડવાન્સ્ડ એપ્રેન્ટીસશીપ્સ

તમે જ્યારે એન.વી.ક્યૂ. લેવલ ૩ અથવા તેથી વધારે ઊંચી તાલીમ મેળવો ત્યારે આ મળે છે.
શીખવાની મુશ્કેલીઓવાળાં અને અસમર્થતાવાળાં યુવાન લોકો ૨૧ વર્ષનાં થતાં સુધીમાં કોઈ પણ ઉંમરે આ તાલીમ લેવાનું શરૂ કરી શકે છે.

આ પ્રકારની તાલીમ વિશેની માર્ગદર્શિકા તમને કનેક્શન્સની ઓફિસોમાંથી મળી શકે છે.

# રહેવા માટેનું કોઈ સ્થળ

તમે જ્યારે સ્કૂલ છોડશો અને પુખ્ત વયનાં થશો ત્યારે તમે કદાચ વિચારશો કે તમે ક્યાં રહેવા માગો છો. દાખલા તરીકે તમે

| | | |
|---|---|---|
| માતાપિતા સાથે રહી શકો | **અથવા** | ઘર છોડીને જઈ શકો |
| બીજાં સાથે વહેંચીને રહો | **અથવા** | તમે એકલાં રહો |
| ક્યાંક ભાડે રહો | **અથવા** | તમારું પોતાનું ઘર ખરીદો |

તમારે વિચારવી જરૂરી કેટલીક બાબતો અહીં આપી છે

- શું તમારે તમારા ઘર કે ફ્લેટમાં ઢોળાવ (રેમ્પ) નંખાવવો વગેરે જેવા ફેરફારો કરાવવા પડશે?
- તમે પસંદ કરેલી જગ્યાએ રહેવામાં મદદ માટે તમને વધારાના પૈસાની જરૂર પડશે?
- શું બીજાં લોકોએ તમને દરેક સમયે મદદ કરવી પડશે કે અઠવાડિયાના ફક્ત થોડાક કલાકો પૂરતી જ મદદ જોઈશે?

## નિર્ણય લેવામાં મદદ

તમે ક્યાં રહેવા માગો છો તેનો નિર્ણય લેવામાં તમને હાઉસિંગ એડવાઈઝર, સોશિયલ વર્કર અથવા કોઈ ડિસેબિલિટી સપોર્ટ ગ્રુપ તરફથી મદદ મળી શકે છે.

તમને અહીંથી પણ મદદ મળી શકે છે

- હાઉસિંગ અસોસિએશનો
- સિટિઝન્સ એડવાઈસ બ્યૂરો
- ડિપાર્ટમેન્ટ ફોર વર્ક એન્ડ પેન્શન્સ

## જો તમે લેસ્ટરમાં રહેતાં હો તો

હાઉસિંગ એડવાઈસ સેન્ટર

Housing Advice Centre
6 Bishop Street
Town Hall Square
Leicester LE1 6AF
0116 222 2699

કમ્યૂનિટી કેર હાઉસિંગ

Community Care Housing
3rd Floor Welford House
Welford Place
Leicester LE1 6ZH
0116 252 8721

## જો તમે લેસ્ટરશાયરમાં રહેતાં હો તો

તમને નીચેનાં સ્થળેથી માહિતી મળી શકે છે

- તમારી સ્થાનિક ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલની ઓફિસોમાં હાઉસિંગ એડવાઈસ ઓફિસર પાસેથી
- કાઉન્સિલના હાઉસિંગ ડિપાર્ટમેન્ટમાંથી

# ફૂરસદના સમયે

તમે સ્કૂલ છોડો તે પછી તમારા ફૂરસદના સમયે તમે શું કરવા માગો છો તેનો વિચાર કરવાનું ખૂબ જ અગત્યનું છે.

દાખલા તરીકે

- સ્પોર્ટ્સ અને ક્લબો
- મ્યુઝીયમો અને ગેલેરીઓ
- સંગીત અને કોન્સર્ટો
- પાર્ક્સ

આમાંથી ઘણા બધા વિશેની વધારે માહિતી તમને તમારી કાઉન્સિલ અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી મળી શકે છે.

તમારા ફૂરસદના સમયમાં શું કરવું તે વિશેની પત્રિકાઓ તમને મોટા ભાગની લાઈબ્રેરીઓ અને કાઉન્સિલની ઓફિસોમાંથી મળી શકશે.

## લેસ્ટર

લેસ્ટરમાં શું ચાલી રહ્યું છે તે જાણવા માટે માર્કેટિંગ ટીમનો સંપર્ક કરો

0116 252 6083

cawtjoo1@leicester.gov.uk

www.leicester.gov.uk/leicesteractive

## સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ઓફિસરો

જો તમને કોઈ અસમર્થતા હોય તો કોઈ પ્રકારની રમતની પ્રવૃત્તિમાં જોડાવામાં આ લોકો તમને મદદ કરે છે.

0116 233 3037

## પાર્ટિસિપેટરી આર્ટ્સ ટીમ

આ ટીમ તમને માટીકામ, રંગકામ અથવા નૃત્યકળા જેવી કળાઓમાં જોડાવામાં મદદ કરે છે.

0116 252 8979

## લેસ્ટરશાયર સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ઓફિસર્સ

જો તમને કોઈ અસમર્થતા હોય તો કોઈ પ્રકારની રમતની પ્રવૃત્તિમાં જોડાવામાં આ લોકો તમને મદદ કરે છે.

01509 226762

## સ્પોર્ટ્સ થ્રુ એજ્યુકેશન પ્રોગ્રામ

તમે જ્યારે સ્કૂલમાં હો અથવા ઘરે હો ત્યારે રમતની પ્રવૃત્તિઓ અજમાવી જોવામાં આ પ્રોગ્રામ તમને મદદ કરે છે.

જો તમે ખરેખર તમારી રમતમાં સારું કરી રહ્યાં હો તો તે ચાલુ રાખવામાં તમારી મદદ માટે તમને કદાચ પૈસા પણ મળી શકે.

01509 226761

અથવા સર્વોચ્ચ પ્રદર્શન કરનારાં માટે નાની ગ્રાન્ટ આપતા વિભાગને ફોન કરો.

0116 226376

# બેનિફિટો વિશે સલાહ

બેનિફિટો એટલે કે જો તમે કામ ન કરી શકતાં હો અથવા બહુ વધારે પૈસા ન કમાતાં હો તો તમને મળી શકતા પૈસા. આ કદાચ તમારે કોઈ અસમર્થતાને લીધે હોઈ શકે.

## વધારે માહિતી માટે

તમારા સોશિયલ વર્કર કોઈ વેલફેર રાઈટ્સ ઓફિસરને તમારી સાથે બેનિફિટો વિશે વાત કરવા માટે કહી શકે છે.

### બેનિફિટ્સ ઈન્ક્વાયરી લાઈન

0800 882 200

### બેનિફિટ્સ એડવાઈસ લાઈનો

**જો તમે લેસ્ટરમાં રહેતાં હો તો**

વેલફેર રાઈટ્સ એડવાઈસ લાઈન
ગુરૂવારે સવારે ૯.૩૦થી બપોરે ૧૨.૩૦ સુધી
0116 277 9496

**જો તમે લેસ્ટરમાં રહેતાં હો તો**

બેનિફિટ્સ એડવાઈસ લાઈન
0116 254 3399
દર મંગળવાર અને ગુરૂવાર બપોરે ૧.૦૦થી ૪.૦૦ સુધી

### પુસ્તિકા

તમને ૧૬ વર્ષથી વધારે ઉંમરનાં શીખવાની અસમર્થતાવાળાં લોકો માટેની પુસ્તિકા પણ મળી શકે છે. તેની નકલ કેવી રીતે મેળવવી તે એડવાઈસ લાઈનને પૂછો.

# જોબસેન્ટર પ્લસ

જોબસેન્ટર પ્લસ તમને નોકરી શોધવામાં મદદ કરવા માટે છે.

‘ધ વે ઈનટુ વર્ક ટીમ’ જોબસેન્ટર પ્લસનો એક ભાગ છે.

‘ધ વે ઈનટુ વર્ક ટીમ’ લોકોનું બનેલું એક જૂથ છે જે અસમર્થતાવાળાં લોકોને નોકરી મેળવવામાં અને તે સાચવી રાખવામાં મદદ કરે છે. આમાં શીખવાની અસમર્થતાવાળાં, એપિલેપ્સિ, હરવાફરવાની તકલીફવાળાં લોકો, જોવા અને સાંભળવાની નબળાઈવાળાં લોકોનો સમાવેશ થાય છે.

## ડિસેબિલિટી એમ્પ્લોયમેન્ટ એડવાઈઝરો

આ લોકો જોબ સેન્ટરો માટે કામ કરે છે. તેઓ

- તમારા માટે યોગ્ય હોય તેવી નોકરી મેળવવામાં મદદ કરી શકે છે

- કદાચ થોડા થોડા સમય માટે જુદી જુદી નોકરીઓ અજમાવીને તમને કામ કરવા માટે તૈયાર થવામાં મદદ કરી શકે છે

તમને જ્યારે નોકરી મળે ત્યારે તમને તે નોકરી કરવામાં કઈ મદદની જરૂર છે તે એડવાઈઝર શોધી આપી શકે છે. આ કરવા માટે તેઓ કામ પર તમને મળવા આવી શકે છે.

# મદદ કરી શકે તેવી બીજી યોજનાઓ

## એક્સેસ ટુ વર્ક

તમને આ મળી શકે છે

- કામ પર જવા આવવા માટેના વાહન ભાડાંમાં મદદ
- કામના મકાનો અને સાધનોમાં ફેરફારો
- કામ પર સહાયક તરફથી મદદ અને કામ સુધી પહોંચવામાં મદદ

## જોબ ઈન્ટ્રોડક્શન સ્કીમ

કોઈ નોકરી તમારા માટે યોગ્ય છે કે નહિ તે તમે થોડા સમય માટે અજમાવીને જોઈ શકો છો. આ સ્કીમ ૬ અઠવાડિયાં માટે તમારા પગાર માટેના પૈસા ચૂકવે છે. આના લીધે તે નોકરી તમારા માટે યોગ્ય છે કે નહિ તે તમે અને તમને નોકરી પર રાખનાર વ્યક્તિ બંને જાણી શકો છો.

## વર્કસ્ટેપ

જો તમારી અસમર્થતાને લીધે તમને નોકરી શોધવાનું કે તે ચાલુ રાખવાનું મુશ્કેલ બનતું હોય તો આ તમને મદદ કરે છે.

વર્કસ્ટેપ તમને નોકરી કરવા માટે જોઈતો ટેકો તમને અને તમારા એમ્પ્લોયરને પૂરો પાડે છે.

વધારે માહિતી માટે

Jobcentre Plus
2 Eldon Street
Leicester
LE1 3QN

0116 206 8600

# યુથ વર્ક

યુથ વર્ક તમને નવી નવી વસ્તુઓ અજમાવી જોવા, તેમાં જોડાવા અને શીખવામાં મદદ કરે છે.

અહીં કેટલીક બાબતો આપી છે જેના વિશે તમે શીખી શકો છો

સંબંધો

આરોગ્યપ્રદ ખોરાક

તમારાં મંતવ્યો જણાવવાં

તે તમે આ રીતે કરી શકો છો

ભેગાં મળવું

રમત ગમતો રમવી

ક્લબોમાં જોડાવું

મુસાફરીઓ

વિડિયો બનાવવી

કમ્પ્યુટરો

અને બીજું ઘણું.

## તમારી ઉંમર કેટલી હોવી જરૂરી છે?

તમે ૧૧થી ૨૫ વર્ષનાં હોવાં જરૂરી છે. મોટા ભાગનું કામ ૧૩થી ૧૯ વર્ષનાં યુવાન લોકો સાથે કરવામાં આવે છે.

## વધારે માહિતી માટે

## જો તમે લેસ્ટરમાં રહેતાં હો તો

લેસ્ટર સિટી કાઉન્સિલ
લાઈફલોંગ લર્નિંગ ડિવિઝન
0116 229 4304

અથવા

ચિલ્ડ્રન્સ એન્ડ યંગ પીપલ્સ સર્વિસીસ
0116 254 9922

## જો તમે લેસ્ટરશાયરમાં રહેતાં હો તો

યૂથ એન્ડ કમ્યૂનિટી એજ્યુકેશન સર્વિસ
0116 265 6387

અથવા

ચિલ્ડ્રન એન્ડ યંગ પીપલ્સ સર્વિસ
0116 265 6631

# ડેટાબેઝ અને ઈન્ફોર્મેશન સર્વિસ

## તે કોના માટે છે?

- ખાસ જરૂરતો અને અસમર્થતાઓવાળાં ૨૦ વર્ષથી નાની ઉંમરનાં યુવાન લોકો

- યુવાન લોકોનાં માતાપિતાઓ અથવા કેરરો

## તે શું કરે છે?

તે કમ્પ્યુટર ઉપર ઘણી બધી ઉપયોગી માહિતી રાખે છે. જેમ કે નીચેના વિષેની માહિતી

- સેવાઓ અને તે શું કરે છે

- સ્વૈચ્છિક જૂથો, સ્પોર્ટ્સ અને કલબો

## તમે કેવી રીતે જોડાશો?

- તમે જોડવા માગો છો તે અમને કહો
- અમે તમારું નામ, જન્મતારીખ અને સરનામું પૂછીશું
- તમે શેના વિશે વધારે જાણવા માગો છો તે અમે પૂછીશું
- આ માહિતી અમે કમ્પ્યુટરમાં મૂકીશું
- અમે તમને માહિતી સામગ્રી મોકલીશું

## તે પછી શું થાય છે?

- અમે તમને ન્યૂઝલેટરો મોકલીએ છીએ
- અમે તમને કાર્યક્રમોમાં બોલાવીએ છીએ જ્યાં તમે તમારા માટે અગત્યની હોય તેવી બાબતો વિશે વધારે જાણકારી મેળવી શકો છો

માહિતી મેળવવા માટે તમે કોઈ પણ સમયે અમારો સંપર્ક કરી શકો છો

Database and Information Service
FREEPOST
MID 30929
Leicester LE3 6ZJ

0116 223 2295

data.inf@leicester.gov.uk

www.infoxchange.org.uk

# સ્વૈચ્છિક સંસ્થાઓ

સ્વૈચ્છિક સંસ્થાઓ (વોલન્ટરી ઓર્ગેનાઈઝેશનો) અમે આ પુસ્તિકામાં કહેલી બાબતો વિશે ઘણું જાણતી હોય છે.

તેઓ તમને બીજાં જૂથો વિશે પણ કહી શકે છે જેઓ મદદ કરી શકે.

## જો તમે લેસ્ટરમાં રહેતાં હો તો

Voluntary Action Leicester
9 Newark Street
Leicester
LE1 5SN

0116 258 0666

val@voluntaryactionleicester.org.uk

www.voluntaryactionleicester.org.uk

## જો તમે લેસ્ટરશાયરમાં રહેતાં હો તો

સી.વી.એસ. કમ્યૂનિટી પાર્ટનરશીપ.

આ વેબસાઈટ જુઓ અને તમારી નજીકમાં આવેલી ઓફિસ શોધો

www.ccp.org.uk

# ઉપયોગી વેબસાઈટો

## લેસ્ટર ડિસેબિલિટી ઈન્ફોર્મેશન નેટવર્ક
www.ldicn.org.uk

## બ્રિજિસ
www.irtbridges.co.uk

## કનેક્શન્સ
www.connexions-leics.org

## આ પુસ્તિકા આમણે બનાવી છે

કનેક્શન્સ લેસ્ટર શાયર

આ જૂથે આ પુસ્તિકા માટે પૈસા આપ્યા છે
કનેક્શન્સ લેસ્ટર શાયર
અને લર્નિંગ સ્કિલ્સ કાઉન્સિલ

ડેટાબેઝ એન્ડ ઈન્ફોર્મેશન સર્વિસ અને રોસ પીયર્સનો આભાર

ઈઝી વર્ડ્ઝ અને ડિઝાઈન ક્લિયર દ્વારા

આમનો આભાર
પીપલ ફર્સ્ટ અને રેખા ચિત્રો માટે ચેઈન્જ પિક્ચર બેન્ક
www.changepeople.co.uk